





દંભ ને દેખાડા ના રંગીન ફૂંવારા ઉડે છે!
વાસ્તવિક નથી કૈં સ્વપ્નનાં ફૂંવારા ઉડે છે!
કમાણી વિના, ખોટા ખર્ચના ફૂંવારા ઉડે છે!
સફેદ રણમાં વિકાસના, ફૂંવારા ઉડે છે..




સાહેબો મેળે,
સચિવાલય બન્યું -
'પેપર-લેસ'

સાદી સમજ,
એમ ઓ યુ એટલે
આંબા-આંબલી..

## ચિંતન

**અભ્રચ્છાયા તૃણાગ્નિશ્ચ ખલપ્રીતિઃ સ્થલે જલમ્ ॥ વેશ્યાસક્તિઃ કુમિત્રં ચ ષેડતે બુદ બુદોપમાઃ ॥**

'વાદળાંની છાયા-છાંયડો, તણખલાંનો અગ્નિ કપટી-દંભી-લુચ્ચા માણસોને સ્નેહ-પ્રેમ, અને જમીન પર (માટી-રેતીવાળી જમીન) પડેલું પાણી-અને વેશ્યાનો અનુરાગ-પ્રેમ-સ્નેહ અને હલકો-અસંસ્કારી મિત્રનો સંબંધ. આ છ બાબતો તદ્દન પાણી પરના પરપોટા જેવી છે એનું અસ્તિત્વ તદ્દન ક્ષણિક છે.'

વાદળાં સતત પવન સાથે ગતિ કરે છે ગતિશીલ જ હોય છે એ કદાપિ કયાંય સ્થિર રહેતાં જ નથી એની છાયા ક્ષણિક હોય છે.

તણખલું સાવ નાનું હોય છે અગ્નિ પ્રગટે ત્યારે તેમાં બળતાં કાષ્ટમાંથી તણખા-તણખલાં ઉડતાં હોય છે એમાં રહેલો અગ્નિ તદ્દન ક્ષણિક હોય છે ઉડીને ધરતી પર પડે ત્યાં સુધીમાં જ તો લગભગ હોલવાઇ જાય છે.

દંભી-લુચ્ચા માણસનો સ્નેહ પણ ક્ષણિક કામચલાઉ હોય છે ગરજ સરે-સ્વાર્થ પૂર્ણ થયે સ્નેહમાં પણ ઓટ આવી જાય છે.

જમીન પર પડેલું પાણી તરત શોષાઇ-સૂકાઇ જાય છે. વેશ્યા સાથેનો સ્નેહસંબંધ પણ ક્ષણિક હોય છે. અસંસ્કારી-કપટી-લુચ્ચા માણસ સાથે મૈત્રી આ બધુ પાણી પરના પરપોટા જેવી ક્ષણિક હોય છે.

## સુવિચાર

- સુવિચાર સેવનાર અને એ પ્રમાણે વર્તનાર માનવી બીજામાં પણ એ સુવિચારનું બીજારોપણ કરશે કે જેના મીઠા ફળ આવ્યા વગર રહેશે નહીં, આ રીતે સદ્ભાવનાનું ઉમદા બિયારણ તૈયાર થતું રહેશે **- એસ. ભટ્ટાચાર્ય**
- માણસ ફુલાવાનું જલ્દી સ્વીકારે છે, યોગ્ય રીતે સંકોચાવાનું નહીં **- ચંદ્રકાન્ત બક્ષી**
- પ્રાણ એ ઇશ્વર એ માણસને આપેલી પ્રથમ ભેટ છે બીજી સ્નેહ છે અને ત્રીજી છે સમજણ **- હૃદયસૂત્ર**
- એક કુટુંબનું નિર્માણ કરે છે તેને સંઘર્ષ કરી ટકાવી રાખે છે, એના હાથ નીચે બાળકો ખડતલ, ચારિત્ર્યવાન નાગરીકો બને છે, તે નારીનું સ્થાન એકમાત્ર ઇશ્વર પછી તરત છે **- શરતચંદ્ર ચટ્ટોપાધ્યાય**
- સંતાનો પાસેથી શ્રીમંત માબાપો સંઘર્ષ નામની યુનિવર્સિટી છીનવી લે છે **- જનકલ્યાણ**
- પુસ્તકના સહવાસથી જ જો પંડિત થવાતું હોત તો ઉંધઇને પંડિત કહેવી પડે **- કાન્તિ ભટ્ટ**
- આકરા સ્વભાવના પતિને ઠંડા સ્વભાવની પત્નિ મળે તો કુટુંબનું સરેરાશ તાપમાન જળવાઇ રહે છે **- માનસસૂત્ર**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

ઇશ્વરે આપણને શરીરમાં જે અંગ-ઉપાંગ આપ્યાં છે તે વિચારીને જ આપ્યા છે અને એને એમ લાગે છે હવે આની, આને જરૂર નથી ત્યારે લઇ લે પણ લે છે જયારે જીવનમાં સ્વાદની જરૂર ન રહે અને ખોરાક માત્ર પેય જ લેવાનો થાય ત્યારે દાંત લઇ લે - ઘરમાં પણ જયારે સાંભળ્યું ન સાંભળ્યું કરવાનું હોય ત્યારે કાન લઇ લે - આમ છતાં આપણે એની ઇચ્છા વિરુદ્ધ ચોખઠાં નખાવીએ - કાનમાં મશીનો ઘાલીએ, વાળને કાળા કરીએ - ઇશ્વરની ઇચ્છામાં ચાંચ ન મરાય.

એક હરણાંએ સરોવરમાં પાણી પીતાં પોતાનું પ્રતિબિંબ જોયું - રાજાના મુગુટ જેવા શીંગડા જોઇ ખૂશ થયું પણ ભગવાને પગ સાવ પાતળા દીધા એ ન ગમ્યું.

.. ત્યાં શિકારીને બાણ તાકતો જોયો. ઝડપથી ખૂબ દોડ્યું. શિકારી પણ દોડ્યો, હરણે પગ પાતળા આપવા માટે ભગવાનનો આભાર માન્યો.

દોડતાં દોડતાં એના રૂપાળાં - વાંકડિયા શીંગડા એક વનવેલીમાં ફસાઇ ગયાં. ખૂબ મહેનત કરી. અવાજ આવતાં શિકારી ત્યાં આવી પહોંચ્યો અને એને જીવતું જ પકડી લીધું. જે શીંગડાનું એને અભિમાન થયું એણે જ ફસાવ્યું અને મૃત્યુનું કારણ પણ બન્યું.

ઇશ્વરની કાર્યપ્રણાલી - ઇચ્છાને સ્વીકારીને સંતોષથી વર્તવું.

Email - sureshchandrabhatt18@gmail.com

# પ્રચૂર માત્રામાં વિગતો સાથે સંવેદનાત્મક સ્તરે સમાજ સુધારણાની પ્રેરણા આપતું પુસ્તક


## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

સ્ત્રીને લક્ષ્મીનો અવતાર ગણનારી આપણી સંસ્કૃતિ આજે કેટલી ક્રૂર અને અમાનવીય બની છે, તેનું અનુમાન સ્ત્રીઓના ઘટતા જતા પ્રમાણ દર ઉપરથી જાણી શકાય છે. આના મૂળમાં નવી સદીની નવી સમસ્યા સ્ત્રી-ભ્રૂણહત્યા છે. આજે વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસના કારણે કન્યાને દૂધપીતી કરવાના રિવાજે નવી દિશા પકડી છે.

એક તરફ દીકરીને આપણે વહાલપનો દરિયો, ઘરની દીવડી અને સંવેદનાનું સરોવર કહીએ છીએ. આવી દીકરી વગર માતૃત્વ-પિતૃત્વ અધુરુ, એના વિના પરિવાર અધૂરો, સંસાર અસંભવ હજુ અવતરી નથી એવી દીકરી માંના ગર્ભમાં છે. કહેવાતો આધુનિક સમાજ માંના ગર્ભમાં જ દીકરીને મારી નાંખવાનો વિચાર કરે ત્યારે એ બાળકી શું કલ્પના કરતી હશે?

હાં, મારે આજે તમને એક એવા પુસ્તકની વાત કરવી છે જે સ્ત્રી-ભ્રૂણહત્યાના પ્રશ્ને સમાજનો કાન આમળનારું અને બેટી બચાવવાની ઝુંબેશને પ્રેરણા પૂરી પાડનારું છે. કેમ કે સ્ત્રી વગરના પુરુષનું કોઇ મૂલ્ય નથી. સ્ત્રી વગરના ઘરનું કોઇ નામ નથી. સ્ત્રી વગરના મેળાવડાની કોઇ શોભા નથી. સ્ત્રી વગરના પ્રસંગની કોઇ પ્રસન્નતા નથી. સ્ત્રી વગરના ધાર્મિક કાર્યોમાં કોઇ સફળતા નથી. સ્ત્રીનો ઉત્કર્ષ એ તેનું ઘર છે. સ્ત્રી એટલે સમાજનો ઉત્કર્ષ, સ્ત્રી ગૃહલક્ષ્મી છે. પરિવારની અધિષ્ઠાત્રી છે. કુટુંબીજનોની તે સર્વેસર્વા છે. એના ક્ષેત્રમાં તે ઉજ્જવળ છે. અધિક્ષક છે અને શ્રેષ્ઠ છે. એમ છતાં આપણી માનસિકતા સ્ત્રી ભ્રૂણ હત્યા તરફ દોરી જાય છે. પ્રાચીન સમયથી વર્તમાન સમયમાં સ્ત્રીના અસ્તિત્વ તરફ સમાજમાં સમાનતા કેટલી? ૨૧મી સદીની સાંપ્રત સમસ્યા ને ઉજાગર કરતા આ પુસ્તકમાંથી પસાર થતાં આખી વાત કુલ-૧૨ પ્રકરણોમાં સુંદર રીતે મુકવામાં આવી છે. પ્રથમ પ્રકરણ સ્ત્રી ભ્રૂણહત્યાની આજ અને આવતીકાલ અંગે વાત કરતાં આ પ્રશ્ને ચિંતન કરવા પ્રેરે તેવું છે. તો બીજું પ્રકરણ ભ્રૂણ હત્યાને કારણે મહાવિનાશના સંકેતનો ખ્યાલ આપે છે. અને ત્રીજા પ્રકરણમાં લેખિકા તે માટે દંડ અને સજાની જોગવાઇઓ પર પ્રકાશ પાડે છે.'




તે પછીનાં પ્રકરણોમાં સ્ત્રીઓ સાથે થતાં અમાનવીય વ્યવહાર, સ્ત્રીના અસ્તિત્વ સામે ઉભા થયેલ પડકાર, તે માટેની સંભાવના અને ભ્રૂણહત્યા અંગેના સમાધાનની વાત વિગતે કરવામાં આવી છે. કેમ કે આજે આ સાંપ્રત સમસ્યાને કારણે દીકરીઓની ઘટતી સંખ્યા પાછળ ટેકનોલોજીનો દુરુપયોગ થતાં દુષ્ટ પરિણામોને કારણે સમાજની સમતુલા ખોરવાઇ રહી છે. તેથી આજે સમાજ સફાળો જાગ્યો છે. તેને જાગૃત કરે તેવા માં અને દીકરી વચ્ચે પત્ર દ્વારા સંવાદ રૂપે લેખિકાએ એક પત્ર દીકરીને માં પત્ર ચર્ચા કરી આ પ્રશ્ને સંવેદનશીલતાને જાગૃત કરવાનો સુંદર પ્રયાસો કર્યો છે. જે બેટી બચાવો ના સામાજિક જન આંદોલનને વેગ આપવામાં મહત્ત્વનો ભાગ ભજવે તેમ છે. તેથી જો પ્રગતિશીલ સમાજનું મહા અભિયાન બેટી બચાવ રૂપે કરવું હોય તો તે માટે ગાગરમાં સાગર રૂપ સ્વોગનો અને કવિતા તેમજ નાટક જેવા સાહિત્ય સ્વરૂપે જનજાગૃતિ કેળવવામાં ઉપયોગી થઇ શકે તેવી સામગ્રી અહીં મુકવામાં આવી છે.

આજે સમાજ સફળો જાગ્યો છે. બેટી બચાવો અભિયાન જનજાગૃતિના રચનાત્મક કાર્યો તરફ દોડતો થયો છે. સમસ્યાને ઉજાગર કરવા જાગૃત સમાજે 'દીકરી બચાવ, સમાજને બચાવ ઝુંબેશ' એક આંદોલન રૂપે શરૂ કરી છે. તે ઝુંબેશને પ્રેરણા, પ્રોત્સાહન અને સાચો માર્ગ કંડારવા આ પુસ્તક ખુબ જ ઉપયોગી સાબિત થઇ શકે છે.

આ પુસ્તકના આલેખનમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ, Mapping the Adverse Child Sec Ratio In India સેન્સન્સ-૨૦૧૧, શૈક્ષણિક, વિવિધ સામયિકો તેમજ સંશોધન પેપરની 'સમાજદર્પણ' માંથી સંદર્ભ પૂરક સાહિત્યનો ઉપયોગ કરીને લેખિકાએ મહિલા કલ્યાણ અને સમાજ ઉત્કર્ષ માટેનો એક સુંદર પ્રયાસ કર્યો છે.

સ્ત્રી-ભ્રૂણહત્યા એ આજકાલ પગપેસારો કરનાર આધુનિક રાક્ષસ છે. આ રાક્ષસ દિવસે દિવસે તેની ક્ષિતિજો વિસ્તારતો રહ્યો છે. તેના કારણે કાલે કદાચ એવું પણ બને કે આ ધરતી ઉપરથી માનવીનું નિકંદન નિકળી જાય.

ભારતીય ઉપખંડની વાત કરીએ તો સ્ત્રી પુરુષ વિષયક જાતીય જીવન અંગેના ખ્યાલો પશ્ચિમી સંસ્કૃતિ કરતાં વધારે ભાવનાત્મક છે. બીજી વસ્તુએ કે તે બાબતમાં ભારતીયો વધારે પડતું કંઇક વિશેષ સ્થાન આપે છે. જાતીયતાની રૂઢિચુસ્તતા, જડ બંધનો અહીં જોવા મળે છે. સ્ત્રી-પુરુષ એક બીજા સાથે લગ્ન કરે અને જીવનની આગોતરી તૈયારીઓ કરે તેમાં કંઇક આગવું વિશેષ મહત્ત્વ જાતીયતાના જીવન વિશેનું છે. પશ્ચિમીકરણની આંધળા અનુકરણને કારણે સ્ત્રી-પુરુષનું જીવન કેવળ શરીરસુખ પૂરતું બની ગયું છે. જેમાંથી અંતિમ પરિણામ 'સ્ત્રી-ભ્રૂણહત્યા' સુધી જાય છે. મનુષ્યની શરીર સુખની વૃત્તિને સંતોષવા જતાં ઘણા બધા જીવોનો ભોગ આજે અનાયાસે લેવાઇ રહ્યો છે. આપણે એ પણ જાણીએ છીએ કે સ્ત્રી ભ્રૂણહત્યાથી સામાજિક પરિણામો શું આવશે. છતાં ભ્રૂણહત્યાથી આજે સમાજની સમતુલા ખોરવાઇ ગઇ છે. બાળ લગ્નનું પ્રમાણ વધ્યું છે. કન્યા વિક્રયનું પ્રમાણ વધ્યું છે. સ્ત્રીઓ પ્રત્યે જાતીય અત્યાચારો વધ્યા છે. કેમ કે કુંવારા પુરુષોનું પ્રમાણ વધે અને સમયસર તેમને કન્યા ન મળે એવા સંજોગોમાં વેશ્યાવ્યવસાયનો વ્યાપ પણ વધે તેમજ અજાતીય સંબંધો વધે કે પછી બહુપતિત્વ પ્રથા શરૂ થાય, આંતર જ્ઞાતિય ધર્મ લગ્ન વધે, જાતીય રોગો વધે જે સમાજના અસ્તિત્વ સામે પ્રશ્નો ઊભા કરે. આ બધું ન થાય અથવા તો તેને સંયમિત કરી શકાય તે માટે લેખિકાએ આ પુસ્તક દ્વારા સાદ પાડીને બેટી બચાવવા હાંકલ કરી છે. કેમ કે હજુ સમય આપણા હાથમાં છે. સમાજના અસ્તિત્વને ટકાવી રાખવા અને ભાવિ સમાજને આદર્શ બનાવવાનો માર્ગ એક જ ઉપાય છે. 'સ્ત્રી ભ્રૂણહત્યા રોકો અને બેટી બચાવો.'

'સાદ સાંભળજો સૌ, બેટી બચાવજો સૌ' શિર્ષકથી પ્રચુર માત્રામાં વિગતો સાથે સંવેદનાત્મક સ્તરે સમાજ સુધારણાની પ્રેરણા આપતું ક્રિષ્ણા પટેલનું આ પુસ્તક આપણને સૌને વિચારતાં કરી મુકે તેવું છે. તે બદલ હું લેખિકાને અને આવા સમાજ સુધારના મુદ્દાને લઇને પુસ્તક પ્રગટ કરનાર અવનિકા પ્રકાશનને આવકારું છું.

**'સાદ સાંભળજો સૌ બેટી બચાવજો સૌ'**
**લેખિકા - ક્રિષ્ણા પટેલ**
**પ્રકાશક - અવનિકા પ્રકાશન**
**૪૧૯/એ, સર્વોદય કોમર્શિયલ સેન્ટર,**
**ચોથે માળ, જીપીઓ, પાસે અમદાવાદ-૧**
**કિંમત રૂા. ૧૧૦/-, આવૃત્તિ - ૨૦૧૩**

# વાલી બનતા પહેલાં દરેક પતિ-પત્નીએ માતા-પિતા બનવા વિશે જાણવું જોઇએ

## હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

અત્યંત આઘાત આપનારી એક ઘટના સાંભળો. આ ઘટના એવી ફેમીલીની છે, જેમાં પતિ-પત્ની અને એમનું બાળક - એમ કુલ ત્રણ જણ જ રહે છે. પતિ-પત્ની બંને નોકરી કરે છે. બાળક બાલમંદિરમાં ભણે છે. બાળક જયારે સ્કૂલથી ઘરે આવે ત્યારે એનાં મમ્મા-પપ્પા તો જોબ પર ચાલ્યાં ગયેલા હોય છે, આથી બાળકને સંભળાવાની જવાબદારી ઘરકામ માટે રાખેલી બાઇને સોંપવામાં આવેલી છે.

વિકએન્ડના દિવસોમાં પતિ-પત્ની સાથે ફરવા જાય, મોલમાં ખરીદી કરવા જાય ત્યારે બાળકને સાથે લઇને જાય. બાળકને ખુશ કરવા તેની મરજીનું ખૂબ જતન કરે. ચોકલેટ-આઇસ્ક્રીમ, રમકડાં, રાઇડ્ઝ વગેરેની મોજ કરાવવા પતિ-પત્ની ઉસ્તુક રહે.

આ દરમિયાન પતિન ધ્યાનમાં એક વિચિત્ર બાબત આવી ગઇ. એમનું બાળક કદીય કોઇ ચીજ માટે જીદ કરતું નહીં. પોતાને ગમતી કોઇ વસ્તુ લેવા માટે ધમપછાડા કરતું નહીં. એને કાંઇ પણ જોઇતું હોય તો કાલાવાલા કરે, બે હાથ ફેલાવીને આજીજી કરે, પગે લાગીને પછી જ પોતાની ડિમાન્ટ કરે. પછી એ ડિમાન્ડ સાવ સામાન્ય હોય, પતિને આ અંગે શંકા થઇ. બાળકમાં બાળકપણું કેમ નથી દેખાતું? આખા વિકમાં વાલી સાથે એક દોઢ દિવસ જ વીતાવવાનો હોય ત્યારે બાળક કેટકેટલી અપેક્ષાઓ રાખતું હોય...! તો પછી પોતાનું બાળક કેમ આવું વિચિત્ર વર્તન કરે છે?

પતિએ પોતાની શંકા દૂર કરવા માટે વોચ ગોઠવી. પોતાના ગેરહાજરીમાં કામવાળી બાઇ સાથે કામવાળી બાઇ કેવું વર્તન કરે છે, બપોરે પોતાના ઘરે બહારની કોઇ વ્યક્તિ આવે છે કે કેમ વગેરે બાબતો જાણવા માટે પતિએ ખાનગી પહેરો ગોઠવ્યો.



અને એને જે સત્ય જાણવા મળ્યું એ બહુ ખતરનાક હતું. બાળક સ્કૂલેથી આવે એટલે એને જમવાનું આપવાને બદલે પેલી બાઇ ફાટેલાં અને ગંધાતા કપડાં પહેરાવીને બહાર લઇ જતી. દૂર બજારમાં કે રેલવે સ્ટેશને, કોઇ મંદિર પાસે એમ જુદાં જુદાં સ્થળોએ ભીખ માગવા લઇ જતી હતી. એ બાઇએ બાળકને ભીખ કેવી રીતે માગવી એની પૂરેપૂરી ટ્રેનિંગ આપી દીધી હતી. વળી આવી વાત મમ્મી-પપ્પાને નહીં કરવાની 'સમજણ' પણ આપી હતી. ભીખમાં બાળકને મળેલી રકમ પેલી બાઇ લઇ લેતી હતી. આ આખોય ભાંડો પતિની શંકાને કારણે ફુટ્યો!

આપણે બીઝી હોઇએ તો બાળખને સંભાળવાની વ્યવસ્થા કોઇ બહારની વ્યક્તિને જરૂર સોંપી જ શકાય, પરંતુ એ બહારની વ્યક્તિ કેવી છે. એની દાનત કેવી છે એ તો જોવું જ પડે ને! આપણને ભલે બાળકના ઉછેર-જતન માટે ઓછી ફૂરસદ મળતી હોય, તોય જેટલી ફુરસદ મળે એટલી તો પૂરેપૂરી એના માટે ખર્ચવી જોઇએ ને! બાળક કેવું વર્તન કરે છે, બાળક કેવી માગણી કરે છે, બાળકની કેવી કેવી જરૂરિયાત અને શોખ છે. એ તરફ ધ્યાન તો આપવું જ પડે ને! સાવ બિન જવાબદાર બનીને સાવડા હાથમાં બાળકને શી રીતે સોંપી દેવાય?

આ તો ઠીક છે કે કામવાળી બાઇએ પેલા બાળક પાસે માત્ર ભીખ જ મગાવી હતી. એવું પણ બને એની પાસે કોઇ ગંભીર અને ગુનાહિત કામ પણ કરાવવામાં આવતું હોય! બાળક જો છોકરી હોય તો એના પર બીજા-ત્રીજા પ્રકારના જુલમ ગુજારવામાં આવતા હોય! એ બાળકને માનસિક રીતે એટલો બધો ત્રાસ આપવામાં આવ્યો હોય કે જેથી તે પોતાના વાલી સામે કોઇ ફરીયાદ કરી જ ન શકે. કાં તો બાળકને એટલું થકવી નાખ્યું હોય કે વાલી ઘરે આવે ત્યારે એ ઊંઘી જ ગયું હોય.

કયારેક ઓફીસથી ઓચિંતા ઘરે આવી જઇને, કયારેક ફોન કરીને બાળક પર ધ્યાન આપવું જરૂરી છે. ઘણી વખત મમ્મી ફોન કરે ત્યારે બાઇ કે આયા રેડીમેડ જવાબ આપે કે 'બહેનજી! બચ્ચા અભી અભી સો ગયા હૈ' અથવા 'મેડમ ચિન્ટુ અભી ટોયલેટ મેં હે' અથવા 'સ્વીટી ટીવી પર કાર્ટૂન સિરિયલ દેખ રહી હૈ ઔર વો ફોન પર બાત કરના નહીં ચાહતી હૈ...' એવા બહાના કાઢીને મિસ ગાઇડ કરી શકે છે. એટલે કયારેક પોતે આકસ્મિક ઘરે પહોંચી જવું જોઇએ અથવા પોતાના ખાસ સગા-સ્નેહી, મિત્ર-પડોશીને રૂબરૂ મોકલીને સાચી માહિતી મેળવવા કોશિશ કરવી જોઇએ.

એથીય મહત્ત્વની બાબત એ છે કે દરેક વાલીએ પોતાના બાળક સાથે વિશ્વાસ અને આત્મીયતા ગૂંથી રાખવા જોઇએ. બાળક એની કોઇ પણ વાત વાલી સાથે આપ-લે કરી શકે એટલી મોકળાશ એને મળવી જોઇએ. ઘણીવાર એવું બને છે કે ઘણા વાલીઓ ઓફિસથી એવા થાકી-કંટાળીને આવતા હોય છે કે બાળક સાથે વાત કરવાનાય હોંશકોશ નથી હોતા. બાળક તેમની સાથે મોજ-મસ્તી કરવા આવે તો એને લડી-ધમકાવીને દૂર ધકેલી મૂકે છે. પછી એ બાળક પોતાની પીડા વાલીને શી રીતે કહી શકે?

કેટલાંક વાલી પાસે બાળકને વ્હાલ કરવાનો વખત નથી હોતો, માત્ર લડવા ધમકાવવા જેટલી જ નિરાંત હોય છે. 'તે હોમવર્ક કર્યું છે નહીં?' 'તારા અક્ષરો ગંદા છે!' તારે ગણિતમાં કેમ આટલા ઓછા માર્કસ આવ્યા?' 'બરાબર જો હવે ટીવી જોવા બેઠો છે તો! હવે આજથી તારે આઇપેડને હાથ પણ લગાડવાનો નથી. સમજી?' 'તારા કપડા કેવા ગંદા કર્યા છે તે શું ધૂળમાં આળોટવા ગયો'તો?' વહાલ કરવાનું નામ નહીં, ઉલ્ટાના આવા સવાલોની શૂળો ભોંકાય, તો પછી બાળકને વાલી માટે વિશ્વાસ કે આદર શી રીતે જાગે? પોતાના થાક-કંટાળો અને બળતરાઓ ઠાલવવાનું સાધન બાળકને ન બનાવાય.

બાળકને એક તરફ અતિ લાડ થતાં હોય છે તો બીજી તરફ ઘોર ઉપેક્ષા થતી હોય છે. આ બંને બાબતો બાળકના વિકાસને હેરાન કરે છે. ઘણાં વાલીઓ ચોવીસે કલાક બાળકની આસપાસ ફુંદરીઓ ફરે છે. બાળકની દરેક જીદ ગૌરવપૂર્વક સંતોષે છે. આવા બાળકોને પછી 'ના સાંભળવાની ટેવ પડતી જ નથી અને તેઓ ધાર્યું કરાવનારા ઉદ્ધત બની જાય છે.' વાલી બનતા પહેલાં દરેક પતિ-પત્નીએ માતા-પિતા બનવા વિશે જાણવું જોઇએ.

# સિનેમા અને વિદ્યાર્થી

## પરીક્ષા છે તો આપણે છીએ

- નટવર આહલપરા

આ વિષય વકતૃત્વ અને નિબંધન સ્પર્ધાઓમાં ખૂબ ચર્ચાસ્પદ બની ગયો હોવા છતાં તેના માટે જે રીતે રજૂઆત થવી ઘટે તે થતી નથી. ટેલિવિઝન કે સિનેમા માત્ર લાભદાયી પણ નથી તો વળી, ગેરલાભદાયી પણ નથી. કેટલીક જગ્યાએ તો આ બંને માધ્યમો માટે નકારાત્મક ચર્ચા જ થતી હોય છે. જયારે જયારે આવી મુલવણી કરવાની હોય ત્યારે હંમેશા નકારાત્મક અને હકારત્મક પાસાંની તુંદરસ્ત ચર્ચા થાય, તો જ વિષયને યોગ્ય ન્યાય આપી શકાય. આથી જ વિદ્યાર્થી આલમને ઉપકારક નીવડે તેવા વિષયની છણાવટ કરવી છે.

જયારે 'સિનેમા અને વિદ્યાર્થી' એ વિષય પર છણાવટ કરવાની છે ત્યારે શાળાથી માંડી મહાશાળા સુધીના છાત્રોને આપણે નજર સમક્ષ રાખીશું. જો કે પ્રત્યેક મનુષ્યે યુગ પ્રમાણે વર્તવું જ જોઇએ એમ નાજુક, કુમળા વિદ્યાર્થીઓને સિનેમા જોવાની મનાઇ નથી પરંતુ, આજે યુગ ઝડપથી પરિવર્તનની દિશાને આંબવા દોડી રહ્યો છે.

તે વેળા સિનેમાની ટેકનિક, ડાયરેકશન, કેરેકટર, ડાયલોગ્ઝ, ગીતસંગીત, કથાવસ્તુ, રજૂઆત, સમગ્ર અસર, ફોટોગ્રાફી, વાસ્તવિકતા અને તેમાંથી મળતો બોધ વગેરે માટે યોગ્ય દૃષ્ટિ કેળવવામાં આવશે તો તેમાંથી જરૂર પ્રેરણા મળશે.

મનોરંજન એટલે રોમાન્સનાં ગીતો, વરવા ડાન્સ, ફાઇટીંગ, ઉદ્ધતાઇ, મારામારી, ખુન્નસ, સેક્સ, ખોટી ઉત્તેજના? ના, આ બધો તો સડેલો મસાલો છે. જેના દ્વારા વિદ્યાર્થીની દૃષ્ટિમાં અને માનસમાં વિકૃતિનો રોગ પેદા થાય છે. ટીનેજર કે યંગબ્લડ સિનેમામાં પ્રદર્શિત થતા નાયક - નાયિકાના કેશગુંફનો, વસ્ત્રાભૂષણો, ચાલ, છટા, અનુકરણનો ભલે અભ્યાસ કરે પણ 'ઢમ ઢોલ માંહે પોલ' એવું નહીં થવું જોઇએ. બાહ્ય વ્યક્તિ બહુ ટકતું નથી કારણ પિત્તળ પર ચઢાવેલો ઢોળ કયાં સુધી ટકી રહે? એક દિવસ તો તેનું પોત પ્રગટવાનું જ છે. જયાં સુધી આંતર વ્યક્તિત્વ સુધારવામાં આવે ત્યાં સુધી બાહ્ય વ્યક્તિત્વની કોઇ કિંમત નથી.

યુવાનો સિનેમાના નાયકનો સ્ટાઇલ માફક અનુકરણ કરી, ભારે વસ્ત્રો પહેરી, નોકરીની કતારમાં ઊભો રહેશે ને જયારે ઇન્ટરવ્યુ આપશે ત્યારે જવાબમાં મીંડુ. જેટલું ધ્યાન બાહ્ય ટાપટીપમાં આપવામાં આવે છે. એટલું ધ્યાન જો આંતર વ્યક્તિત્વને કેળવવા પાછળ અપાય તો? તો જ જિંદગીની ખરી વાસ્તવિકતા સમજાશે.

કરોડપતિ ડાયરેકટરો પોતાનાં ખિસ્સાં ભરવા હલકટ ચિત્રો પ્રદર્શિત કરી સાવ કુંમળા માનસ ધરાવતા અથવા નિર્દોષ છાત્રોને આડે માર્ગે દોરવાનો પ્રયાસ કરે છે, તે માટે પ્રત્યેક યુવાને જ જાગૃત થવું પડશે.

ચલચિત્રો પ્રદર્શિત થાય છે તે બધા જ હલકી વૃત્તિના, ક્રૂર, અવાસ્તવિક, ભયંકર હોય છે, પણ તેની સામે સ્વચ્છ, સામાજિક, હેતુલક્ષી, રચનાત્મક, સમાજ ઉપયોગી ચિત્રો પણ બને જ છે. એનું કેટલું આયુષ્ય? વાસ્તવિકતાને અપનાવવી કોઇને ગમતી જ નથી. અવાસ્તવિકતા જ સૌને વાસ્તવિકતા લાગે છે. પણ પોલું કયાં સુધી વાગે?

મારા વ્હાલાં વિદ્યાર્થી ભાઇઓ-બહેનો, આપને મારી નમ્ર ટકોર છે કે, ચલચિત્રોમાં રજૂ થતાં પાત્રોની કરુણા તરફ, વફાદારી, ખમીર, રાષ્ટ્રભાવના કે લડાયક જુસ્સા તરફ દૃષ્ટિ ફેરવો. એમાંથી પ્રેરણા મેળવી શકાય.

કુદરતી દૃશ્યોને મન ભરીને માણો, આદર-સત્કાર, દેશભાવના, દયા, કરુણા, ગંભીરતા, સાચી સમજ વગેરે કેળવશો તો વડીલોને પણ થશે કે, મારાં પુત્ર-પુત્રી સિનેમા જોવા ખાતર જ જોતાં નથી. પણ તેમાંથી સાચું-સારું અનુકરણ કરે છે. આમ સમય, પૈસાનો ખરો સંચય થશે.

આપણી સંસ્કૃતિ, આપણો દેશ કેટલો મહાન છે. ભારત દેશનો યુવાન પરાવલંબી, પાંગળો, લાલચું, વિકૃત, અવિવેકી હોઇ શકે? જવાબ જો 'ના' હોય તો મિત્રો આપણે આજથી જ નક્કી કરીએ કે, ચલચિત્રો જોયા પછી એનું સાચું અનુકરણ ન થાય તો કંઇ નહીં પણ ખોટું અનુકરણ તો નહિ જ કરીએ.